# ગિજુભાઈ અને નિમ્નલિખિત ચિંતકોના શિક્ષણ વિચારની તુલના

દવે નેહલ અમિતકુમાર
ઉપ.શિક્ષક બાદીપુર પ્રા.શાળા તા.જી.પાટણ તથા
પી.એચ.ડી વિદ્યાર્થી,હેમચંદ્રાચાર્ય યુનિ.પાટણ

વૈદિક સંસ્કૃતિ અનુસાર ગુરુકુળ પરંપરામાં ગુરુનું સ્થાન વિદ્યાર્થીના જીવનમાં નવચેતના ના સંચારક તરીકેનું હતું.સમાજમાં સૌથી વધુ વિશ્વાસપાત્ર અને સન્માનીય ગુરુના સથવારે શિષ્ય જીવનનૌકાને હંકારવાની કળા શીખતો હતો,વિષ્ણુપુરાણમાં એટલેજ કહેવાયું છે કે ‘ सा विद्या या विमुक्तये ’ અર્થાત મુક્તિ અપાવે તે જ વિદ્યા. વિદ્યાર્થીના જીવન ઘડતરનું અમોઘ શસ્ત્ર **વિદ્યા** છે.

બાળમાનસના ભેદ ઉકેલવાની કળા જાણનાર શિક્ષક સાચા અર્થમાં બાળકની અંદર પડેલ સ્વયંજ્યોતિને નિહાળે છે.ઈંગ્લેન્ડના વિખ્યાત શિક્ષણદર્શક નીલે ‘Problem Series’પુસ્તકમાં લખ્યું છે કે **“No Child is a Problem, But it Comes With Problem”**(૧)

બાળકની સમસ્યાને આત્મસાત કરી ઉકેલવાની સૂઝ ધરાવનાર કેળવણીકારોએ પોતાની આગવી શૈલીથી વિવિધ પ્રયુક્તિઓ અજમાવી વ્યક્તિત્વ વિકાસને વેગ પુરો પાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે.વિશ્વના શિક્ષણવિદોએ રાષ્ટ્રઘડતર કરવા માટે બાળકેળવણીને પાયાની જરૂરીયાત ગણી છે.કારણકે,આજનું બાળક ભાવિ નાગરિક છે.

આધુનિક યુગના બાલશિક્ષણના આચાર્ય ડૉ.મારિયા મોન્ટીસોરી .મૂછાળીમાં ગિજુભાઈ બધેકા,બુનિયાદી કેળવણીના હિમાયતી મહાત્મા ગાંધી,પ્રજામાનસના નાડપારખું જુગતરામ દવે એ ચીલાચાલુ શિક્ષણપ્રણાલીને સ્થાને બાળકેન્દ્રી કેળવણીની જેહાદ જગાવી બાળકોના હક્કોને પુનઃ સ્થાપિત કર્યા.આ વિભૂતિઓના વિચારો અને પ્રવૃત્તિઓ ભિન્ન હોવાં છતાં તેમનું લક્ષ્ય એકજ હતું.

**બાલમિત્ર ગિજુભાઈ બધેકા**(૨)
સૌરાષ્ટ્રના ભાલ પ્રદેશના વળા ગામના વતની ભગવાનજી વકીલ અને કાશીમાંના પનોતા પુત્ર ગિજુભાઈ બધેકા ખેડૂત પરિવારમાં ઉછર્યા હતા.મામા શ્રીમન્નથુરામ શર્માના કાર્યકુશળતા,પ્રમાણિકતા,સૌજન્ય અને સાદાઈ જેવા ગુણો ભાણા ગિજુભાઈને વારસામાં મળ્યા હતા.પંદરમી નવેમ્બર ૧૮૮૫ ના રોજ મોસાળ ચિત્તલમાં જન્મેલા ગુજરાતના પ્રથમ પ્રયોગવીર ગિજુભાઈ મહાવિદ્યાલયના પ્રથમ વર્ષ સુધીનો અભ્યાસ કર્યા બાદ કૌટુંબિક જવાબદારીઓમાં જકડાઈ ગયા.પરંતુ પોતાના ઘેર પ્રથમ બાળકનો જન્મ થતાં હૃદયમંથન અનુભવતાં અંતરાત્મા જાગૃત થઈ ગયો.પોતાના બાળકને ઉત્તમ રીતે ઉછેરવાની તજવીજ કરતાં કરતાં તેમને સર્વ બાળકોમાટે સહાનુભૂતિ જન્મી.પાશ્ચાત્ય આચાર્યોના ગ્રંથોમાંથી જ્ઞાન મેળવી હૈયાઉકલનથી અભ્યાસ કરીને કેળવણીની સાચી દિશા શોધી કાઢી. મેડમ મોન્ટીસોરી ની પદ્ધતિઓમાંથી પ્રેરણા મેળવી ગિજુભાઈએ સ્વતંત્ર પ્રયોગો કરી,પરિસ્થિતિ અનુસાર પદ્ધતિ કેળવી બાળકોના કેળવણી ઋષિની પદવી પ્રાપ્ત કરી.

ગિજુભાઈ બધેકા એ બાળઉછેરની મૂંઝવણ હલ કરવા ડૉ.મોન્ટીસોરી જેવા સંશોધકોના જ્ઞાનનો અભ્યાસ કરી પોતાની પ્રતિભાબળે બાળશિક્ષણ પર હથોટી સિદ્ધ કરી. તેમણે ગાંધીજીના અહિંસા વ્રતને પણ પચાવ્યું અને ‘સોટી વાગે ચમ ચમ,વિદ્યા આવે રમ ઝમ’ના યુગમાં અહિંસક રીતે શિક્ષણનું દાન આપી નવા આયામો પ્રસ્થાપિત કર્યા.તેમણે અનુભવજન્ય તારણોને આધારે ભારતવર્ષની શિક્ષણપ્રણાલીને નવી દિશા અર્પી.આથી,ગિજુભાઈ બધેકા ‘બાળકોના ગાંધી’તરીકે પણ ઓળખાય છે.

Vol. 8, Issue: 5, May: 2020
(IJRSML) ISSN: 2321 - 2853

તાડનવૃત્તિને સ્થાને બાળસન્માનની ભાવનાને કેન્દ્ર સ્થાને રાખી શિક્ષણકાર્ય કરવાની પદ્ધતિઓ વિચારી અને આ પદ્ધતિઓ ભાષણ સ્વરૂપે કહેવાને બદલે વાર્તા સ્વરૂપે 'દિવાસ્વપ્ન'માં આલેખી.વાર્તા દ્વારા,રમતો દ્વારા અને આનંદ પ્રવૃતિઓ દ્વારા વિદ્યાર્થીઓને વિષય શિક્ષણ આપ્યું. સર્વાંગી વ્યક્તિત્વ વિકાસનું જ્ઞાન આપી શકાય તેવી પ્રયુક્તિઓ આ પુસ્તકમાં આલેખવામાં આવી છે.કેળવણી વિષયક પુસ્તકોમાં હળવી શૈલીમાં લખાયેલું આ પુસ્તક આગવી ભાત પડે છે.ગિજુભાઈએ માં-બાપ,સમાજ,બાળસાહિત્ય વિષયક પુસ્તકો લખી શિક્ષણ જગતમાં ક્રાંતિકારી પહેલ કરી.ગિજુભાઈ ગુજરાતી બાળકોના પ્રથમ હિતચિંતક હતા.વઢવાણમાં વકીલાત છોડી ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં જોડાઈ માર-ભાર વિનાના ભણતરનો આગ્રહ કરનાર આ બાળશિક્ષણપ્રેમી પ્રજાહૃદયમાં સદા ચિરંજીવ રહેવાના છે.

**બાળમાનસ સંશોધક મેડમ મોન્ટીસોરી**(૩)

સમર્થ કેળવણીકારોની નામાવલી તરફ દ્રષ્ટી કરતા બાલશિક્ષણના આચાર્યો કહી શકાય તેવા બે નામ ઉડીને આંખે વળગે છે. એક જર્મનવાસી ફ્રોબેલ જેમને કિન્ડરગાર્ટન(બાલઉદ્યાન-બાલવાડી) પ્રવૃત્તિ શરુ કરી અને બીજા ઇટાલીવાસી મહાન વિદુષી ડૉ.મારિયા મોન્ટીસોરી.તેઓ પ્રખર માનવવંશશાસ્ત્રી,શરીરશાસ્ત્રી,તત્વવેત્તા અને કેળવણીશાસ્ત્રી હતા. અપરિણીત હોવાં છતાં બાળ મગજનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરનાર સરસ્વતી તુલ્ય વિભૂતિ ડૉ.મોન્ટીસોરી બાલ સ્વાતંત્ર્યનો નવો યુગ પ્રવર્તાવનાર સ્ત્રી છે.

ઈ.સ ૧૮૯૭માં રોમમાં મગજની હોસ્પિટલમાં કાર્ય કરતાં મંદબુદ્ધિ વાળા અને મૂઢ બાળકો તરફ તેમનું ધ્યાન ગયું.૫૦ વર્ષ પૂર્વે સેગુઈને પ્રયોજેલી પદ્ધતિનો અભ્યાસ કરી તેમણે તારણ કાઢ્યું કે બાળકોની મંદતાનો ઉપાય ઔષધોપચાર નથી પણ કેળવણી છે.આમ ઈટાર્ડ અને સેગુઈનના પુસ્તકોના આધારે તેમણે મંદમતિના બાળકોને શિક્ષણ આપવા માટે ભિન્ન ભિન્ન પ્રકારના સાધનો યોજી કાઢ્યા. વૈજ્ઞાનિક ઢબે બાળકોને પ્રશિક્ષણ આપી સાધારણ બુદ્ધિ ના બાળક કરતાં વધારે ગુણથી ઉત્તીર્ણ થયેલ મંદબુદ્ધિના બાળકને જોઈ તેમને પોતાની પદ્ધતિ પર શ્રદ્ધા બેઠી.આમ,માંદા ઉપર પ્રયોગ કરતાં કરતાં સાધારણ બાળકોને પણ ઉપકારક બને તેવી રીતો શોધી કાઢી.વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળમાનસનું ઘડતર કરવાની કળા તેમણે અખત્યાર કરી જે 'મોન્ટીસોરી પદ્ધતિ' તરીકે પ્રચલિત છે.

ડૉ.મોન્ટીસોરી એ વૈજ્ઞાનિક ઢબે પોતાના કાર્યની સમાલોચના કરી સાર્વત્રિક સિદ્ધાંતો સ્થાપ્યા અને પદ્ધતિઓ શોધી.અપૂર્વ તલ્લીનતાથી અને સુખથી પોતાના પ્રયોગો કરી, પ્રચલિત પદ્ધતિઓનો અભ્યાસ કરી,વિશ્વવ્યાપી કેળવણીના નિયમો બનાવ્યા.ઈટાલીની પાટનગરી રોમના મજુર લતામાં કાસા-ડી-બામ્બીની(બાલમંદિરો)ના બાળકોને ભણાવતાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી શિક્ષણજગતમાં નવો ચીલો ચાતર્યો.તેમણે બાળબુદ્ધિ અને કૌશલ્યનો વિનિયોગ કરી નવા નવા સાધનો શોધ્યા.જેની મદદથી બાળકો કામ કરવાનો આનંદ અનુભવવા લાગ્યા.ડૉ.મોન્ટીસોરી એ બાળશિક્ષણની કળા સંશોધન દ્વારા હસ્તગત કરી.

**રાષ્ટ્રહિત ચિંતક મહાત્મા ગાંધીજી**(૪)

સ્વત્રંત્ર્ય ભારતદેશની પ્રજાના સંતાનોને સાચા અર્થમાં કેળવણી મળી રહે તે માટેની નક્કર યોજના ઘડનાર બુનિયાદી શિક્ષણના હિમાયતી આપણાં રાષ્ટ્રપિતા ગાંધીજીએ શિક્ષણને દેશવ્યાપી બનાવવા સઘન પ્રયાસો કર્યા.શિક્ષણ સંસ્થા અને વિદ્યાર્થીને સ્વાવલંબી બનાવે તેવી ઉદ્યોગ કેન્દ્રી શિક્ષણ પ્રણાલી ભારતદેશ જેવા વિકાસશીલ રાષ્ટ્ર માટે આશીર્વાદ સ્વરૂપ છે.ફક્ત અક્ષરજ્ઞાનને બદલે શારીરિક સંપૂર્ણ કળા હસ્તગત કર્યા બાદ નાગરિક સ્વાશ્રયી બને છે.અને દેશના હિતને સમર્પિત બને છે.શ્રમગૌરવના વિચારો ઉગતી પ્રજામાં કેળવવાથી સામાજિક સમરસતાના પણ બીજ રોપાય છે.બુનિયાદી શિક્ષણ સિદ્ધાંતો સર્વોદય સમાજરચનાને અનુકૂળ છે.સ્વદેશી,ગ્રામોદ્યોગ,ગ્રામજીવન અને પરમાર્થ માટે હસતે મુખે અગવડ સહન કરનારો વિધાર્થી બુનિયાદી શિક્ષણની સાચી ફળશ્રુતિ છે અને સમાજને મળેલી અણમોલ ભેટ છે.

મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રના નિર્માણ માટે શિક્ષણ ના માધ્યમ તરીકે ઉદ્યોગને પ્રાધાન્ય આપ્યું પણ કાળાનુંક્રમે તેમના વિચારનું હાર્દ પ્રજાજનો સુધી પહોચ્યું નહિ અને હાથ-પગ અને મગજની કેળવણી ફક્ત શ્રમ બનીને રહી ગઈ.તેમણે બાલશિક્ષણ માટે નહિ પણ દેશહિત માટે શિક્ષણજગતમાં રસ દાખવ્યો.

**વેડછીકરણના પ્રણેતા જુગતરામ દવે(૫)**

ગુજરાતના સમર્થ સાહિત્યકાર,કેળવણીકાર અને રચનાત્મક ગાંધીજન જુગતરામ દવેનો જન્મ પહેલી સપ્ટેમ્બર ૧૮૯૨માં સૌરાષ્ટ્રના લખતરમાં થયો હતો.મેટ્રીકમાં ત્રણ વાર નાપાસ થનાર જુગતરામ ગાંધીજીના સ્પર્શ અને ગિજુભાઈની મૈત્રીને કારણે બાળશિક્ષણના પ્રણેતા બન્યા તેમણે પત્રકાર,પ્રકાશક,પ્રશિક્ષક,શિક્ષક અને સેવક તરીકેની કામગીરી ૯૩ વર્ષ સુધી બજાવી. સેવાસમૃદ્ધ જીવન વિતાવી વેડછીના વડલા તરીકે પ્રસિદ્ધિ પામ્યા.સુરત જિલ્લાના આદિવાસી રાનીપરજ સમાજમાં શિક્ષણ દ્વારા શાંતક્રાંતિની આહલેક જગાડનાર આ ઋષિએ એ વિસ્તારમાં સવર્ણ અને આદિવાસી કાર્યકર્તાઓની ફોજ તૈયાર કરી ગાંધી વિચારોને અમલી બનાવ્યા અને સમાજ કલ્યાણના કાર્યો કર્યા.

ગાંધીજીના 'ગામડે જાઓ' નામના વાકબાણે જુગતરામને ઘાયલ કર્યા.અમદાવાદ છોડી નરહરિ પરીખ સાથે બારડોલી વિસ્તારના સરભોણ ગામે હળપતિ પ્રજા વચ્ચે છ દાયકા સુધી પલાંઠી વાળીને બેસી ગયા. અને શિક્ષણ દ્વારા શાંત ક્રાંતિનો પ્રયોગ કર્યો.પ્રથમ રાત્રીશાળા ચલાવ્યા બાદ ચીનુભાઈના આગ્રહથી 'રાનીપરજ વિદ્યાલય'વેડછીમાં શરૂ કરી.આઝાદીની ચળવળ દરમ્યાન પણ જેલમાં 'ગીતા મંજરી'અને આશ્રમ કેળવણી વિષયક પુસ્તકો લખ્યાં.આમ બાલવાડી,ગ્રામશાળાથી માંડી ગ્રામવિદ્યાપીઠ સુધીનો નઈતાલીમનો સફળ પ્રયોગ કરનાર આ સાહિત્યકારે ભારતને પ્રેરણા આપવાનું કાર્ય કર્યું.ચીમનભાઈ ભટ્ટ,અન્નપૂર્ણાબેન મહેતા,નારાયણ દેસાઈ,મોહન પરીખ,હર્ષકાંત વોરા,ભીખુભાઈ વ્યાસ જેવા ઉમદા કાર્યકરોએ તેમના યજ્ઞમાં ભાગીદારી નોંધાવી.શબ્દના ઉપાસક અને બાળમાનસના પારખું જુગતરામભાઈએ બાલવાડી ગ્રંથ રચી શિક્ષકોને શિક્ષણના પાઠ શીખવ્યા તેમજ સાહિત્ય ક્ષેત્રે પણ ગદ્ય-પદ્ય-નાટક-નિબંધ-પ્રહસન-બાળગીતો તથા રવિન્દ્રનાથનાં અનેક બંગાળી ગીતોનો અનુવાદ કરી પ્રજામાનસનું ઘડતર કર્યું.

'સુંદરપુરની શાળાનો પહેલો કલાક'નામના પુસ્તકમાં નઈતાલીમની શાળાનું અદભુત આદર્શ ચિત્ર રજુ કરનાર જુગતરામે 'બાલવાડી' નામની આખરી ભેટ પુસ્તક સ્વરૂપે આપી.વર્ષો સુધી ગામડાનાં ફળિયામાં નજીવા સાધનો (કામકડાં)દ્વારા બાળશિક્ષણનો વિકાસ કરવા નવિન પ્રયોગ હાથ ધર્યો.

**ચિંતકોના શિક્ષણ વિચારોની તુલના.**

***"પળે પળે નાના બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું.એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને કામ કરતાં જ મરી ખૂટું"*** (૨)

પાંચ વર્ષની શિક્ષણ સાધના બાદ નમ્રતાથી છતાં દ્રઢતાથી ગિજુભાઈએ ઉપરોક્ત ઉદગાર કર્યો.જીવનકેન્દ્રી ફિલસૂફી પ્રગટ કરનાર આ આર્ષવાણી બાળયુગ પ્રવર્તકોના દિલમાં ચિરકાળ સુધી પડઘાતી રહેશે. ગિજુભાઈએ એકલવ્ય ભાવથી મોન્ટેસોરી પદ્ધતિની સાધના કરી ગુરુતુલ્ય ડૉ.મોન્ટેસોરીને મળ્યા વિના તેમના વિચારોને આચારમાં મૂકી બાળશિક્ષણનું કાર્ય કર્યું.તેમણે શોધેલ શિક્ષણ સાધનોને સ્થળકાળ અનુસાર બાળકો સમક્ષ રજૂ કરી યોગ્ય ફલશ્રુતિ મેળવી.કોઈપણ પ્રકારના સીધા માર્ગદર્શન વિના ગુજરાતમાં મોન્ટેસોરી પદ્ધતિનો પ્રચાર કરી બાળ શિક્ષણનું કાર્ય કર્યું.આમ ડૉ.મોન્ટેસોરીએ સંશોધક તરીકે વિશ્વવ્યાપી નિયમો બનાવ્યા અને ગિજુભાઈએ ગુજરાતમાં તેનો પ્રાયોગિક અમલ કર્યો.ગાંધીજીએ આ મતને સમર્થન આપ્યું પરંતુ બાળકોને બુનિયાદી શિક્ષણ મળે અને ગ્રામોદ્યોગ ની કળા વિકસે તેવો અભિગમ સૂચવ્યો.આમ,ગાંધીજી પૂર્વ બુનિયાદી બાળવાડીમાં શબ્દ શિક્ષણને બદલે ઈન્દ્રિયગમ્ય કેળવણીના આગ્રહી હતા.જેથી બાળકમાં શ્રમગૌરવના વિચારો અને ટેવો વિકસે. જુગતરામ દવે ગાંધીજીના અનુયાયી હતા તેમણે બાળકોને ગિજુભાઈની પદ્ધતિથી શિક્ષણ આપી સાચા અર્થમાં વિર્ધાથીઓ બનાવ્યા.ગાંધીજીના બુનિયાદી શિક્ષણના વિચારને પણ સાંકળી સમાજ જાગૃતિના કાર્યો કર્યા. 'આંધળાનું ગાડું'અને 'ખેડૂતનો શિકારી'જેવા સ્વરચિત નાટકો પોતાના વિદ્યાર્થીઓ દ્વારા રમુજી શૈલીમાં રજુ કરાવી ગ્રામ્ય શોષણ અને દારૂ જેવી બદીઓને નાથવાનો વિરલ પ્રયાસ કર્યો.આમ,જુગતરામ દવે પોતાના પુરોગામી ત્રણેય ચિંતકોના વિચારોનો સમન્વય સાધી સ્થાનીય વિસ્તારની સમસ્યાઓનું સમાધાન કર્યું. ઉપરોક્ત તમામ કેળવણીકારોએ બાળકેન્દ્રી શિક્ષણ વ્યવસ્થા અપનાવી બાળકને પ્રેમ, સ્નેહ, સમજાવટ, સહાનુભૂતિ, હળવાશ, રસમયતા અને સંવેદનશીલતા સાથે ભણવાનો આગ્રહ સેવ્યો.ભણતરની ઉત્તમ તરાહો અપનાવી અનેક શિક્ષણરસિકોને તૈયાર કર્યા.પોતાના પ્રયોગોને સીમિત ન રાખતાં દૂર દૂર સુધી વિસ્તરે તેવા પ્રયત્નો હાથ ધર્યા અને યુગ પરિવર્તનકારી કાર્યને અમૂર્ત સ્વરૂપે પુસ્તકોમાં આલેખી, સ્થળ-કાળના બંધનોમાંથી મુક્ત બનાવ્યા. શિક્ષણ ચિંતન અને

જીવનચિંતનની સરવાણી વહાવી જ્ઞાનપિપાસુઓને તૃપ્ત કર્યા.આમ,તેમનું ભગીરથ કાર્ય સદાય વંદનીય છે.આ વિભૂતિઓએ **'A Child Is Full Of Potential'**ઉક્તિને ચરિતાર્થ કરી બાળકની સુષુપ્ત શક્તિઓનું ઉર્ધ્વીકરણ કરવાનું વિરલ કામ કર્યું છે.

**સંદર્ભસૂચિ**

૧.શિક્ષણવિચાર.લે.હરભાઈ ત્રિવેદી,પૃ.નં-૭ (પુસ્તક પ્રવેશ)ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
૨.બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ.લે.રામનારાયણ પાઠક,પૃ.નં-૧૦ થી ૧૪
૩.મોન્ટેસોરી પદ્ધતિ.લે.ગિજુભાઈ બધેકા,પૃ.નં-૧ થી ૧૨,સંસ્કાર સાહિત્ય મંદિર
૪.બાલવાડી.લે.જુગતરામ દવે.પ્રકરણ-બાલકેળવણીના આચાર્યો.પૃ.નં-૧૨૫ થી ૧૩૪.બાલગોવિંદ પ્રકાશન ટ્રસ્ટ
૫.કેળવણીનો કોયડો.લે.મોતીભાઈ મ.પટેલ.પ્રકરણ ૧૧ પૃ.નં-૩૮થી૪૦ સંપાદક દક્ષેશ ઠાકર